**ગુજરાત અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૧(૮) હેઠળ ખાસ ગટર વેરાના દરો (સુધારા) ના નિયમો - રી આપવા બાબત.**

(કડી નગરપાલિકા)

ક્રમાંક:નપાનિ/હુ.૨૪/કડી/વશી.૧૦૭૧૩/૨૦૦૬
નગરપાલિકા નિયામકની કચેરી
બ્લોક નં.૧૪,ત્રીજે માળ
ડૉ.જીવરાજ મહેતા ભવન સંકુલ
સેક્ટર-૧૦,ગાંધીનગર
તારીખ ૧૮/૧૦/૨૦૦૬.

**વંચાણે લીધું:**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૩૧/૭/૧૯૯૧ના નોટીફીકેશન નં. કેવી/૧૯૩/૯૧/જીએમએ/૧૦૯૦/૨૯૫૧/(૧)મ

(૨) કલેક્ટરશ્રી મહેસાણાના તા. ૨૪-૮-૦૫ ના પત્ર નં. નગપ/વશી/૨/૬૨૧/૦૫.

(૩) મુખ્ય અધિકારીશ્રી, કડી નગરપાલિકાના જા.નં.૧૧૬૩/૦૬, તા. ૧૮-૯-૦૬ તથા તા. ૧૨-૧૦-૦૬

**હુ ક મ :-**

આમુખ (૨) ના પત્રથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૧(૮) હેઠળ ખાસ ગટરવેરાના દરો (સુધારા) ના નિયમો-૨૦૦૬ ને મંજૂરી આપવા બાબત તથા સંદર્ભ-૩ ના પત્રથી કડી નગરપાલિકાની દરખાસ્ત અત્રે રજુ થયેલ છે. તે દરમ્યાનની તપાસણી કરતાં નિયમાનુસાર કાર્યવાહી થયેલ હોઈ, મંજુર કરવાપાત્ર જણાય છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૨૭૧ તેમજ પ્રોવિઝો (એ)હેઠળના નિયમો નગરપાલિકાએ બનાવેલા નિયમો મંજૂર કરવા અથવા સુધારો કરવાની ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૧૦૨ હેઠળ આમુખ (૧)અન્વયે નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજય, ગાંધીનગરને મળેલ સત્તાની રૂએ આ સાથેના કડી નગરપાલિકાના ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૧(૮) હેઠળ ખાસ ગટરવેરાના દરો (સુધારા) ના નિયમો-૨૦૦૬ ને મંજુર કરવામાં આવે છે.

**રવાના કર્યું :**

**નિયામક નગરપાલિકાઓ,**
**ગુજરાત રાજય ગાંધીનગર વતી**

**સહી/-**
**(પી.કે.ગઢવી)**
**નિયામક નગરપાલિકાઓ,**
**ગુજરાત રાજય ગાંધીનગર**

**પ્રતિ,**
પ્રમુખશ્રી / ચીફ ઓફીસરશ્રી
કડી નગરપાલિકા
જિ. મહેસાણા.

**નકલ રવાના:**

૧. મુખ્ય અધિકારીશ્રી, કડી નગરપાલિકા
ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની જોગવાઇ મુજબ અમલવારી કર્યા અંગેનો ઠરાવ કરી તથા અમલવારી કર્યાની જાણ કરવા અર્થે.

૨. કલેક્ટરશ્રી મહેસાણા તરફ જાણ સારૂ.

૩. સીલેક્ટ ફાઇલે.

# કડી નગરપાલિકા.

## કડી નગરપાલિકાએ મંજુર કરેલા ગટરવેરાના સુધારેલા નિયમો

(ધી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૯૯(૧) (૮) અને ૨૭૧ (ચોલ) અન્વયે)

**નિયમ-૩ : ગટરવેરાની દરવારી**

તમામ મકાનો અને જમીન કે જેને નગરપાલિકાની ગટર લાઈન સાથે જોડાયેલ હોય કે જોડાયેલ માનવામાં આવતા હોય તેનો વાર્ષિક ગટર વેરાના નીચે મુજબ રાખવામાં આવશે, અને વસુલ કરવામાં આવશે.

૧. સંપૂર્ણપણે રહેઠાણમાં વપરાતા મકાનો, જમીન ઉપર ઓછામાં ઓછો વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ લેવામાં આવશે.

૨. રહેઠાણ સિવાયના હેતુમાં વપરાતા પરંતુ નીચે નિયમ ત્રણમાં જણાવ્યા પ્રમાણેના મકાનો તથા જમીનો સિવાય વાર્ષિક રૂા. ૮૦૦-૦૦ ગટરવેરો લેવામાં આવશે.

૩. હોસ્પીટલ, બોડીંગ, હોટલ, થીએટર રહેવાની સગવડવાળી લોજ, મીલ, ફેક્ટરી, પાર્ટી પ્લોટ, વાડી, સામાજીક વાડી અથવા લોજીંગ, બોર્ડીંગની વ્યવસ્થાવાળી ધાર્મિક સંસ્થાઓ માટે વપરાતા તમામ મકાનો અને જમનો ઉપર વાર્ષિક રૂા. ૧૫૦૦-૦૦ ગટરવેરો લેવામાં આવશે.

૪. કનેકશન દીઠ રૂા. ૬૦૦-૦૦ અંકે રૂપિયા છસો પુરા ચાર્જ જોડાણ માંગવા સાથે અલગથી લેવામાં આવશે.

૫. નગરપાલિકા હદ બહારના વિસ્તારો માટે ભૂગર્ભ ગટર સેવા આપવા ઉપરોક્ત દરથી બમણા દર વસુલ કરામાં આવશે, તેવી જ રીતે જોડાણ માંગતા કનેકશન ચાર્જ પણ બમણા વસુલ કરવામાં આવશે.

**નિયમ-૫ :-** કોઇ મકાન કે જમીને વધારાનું જોડાણ આપવામાં આવ ત્યારે વાર્ષિક રૂા. ૨૫૦-૦૦ વધારાનો વેરો લેવામાં આવશે.

ચીફ ઓફીસર,
કડી નગરપાલિકા.

રવાના કર્યુ :

નિયામક નગરપાલિકાઓ,
ગુજરાત રાજ્ય ગાંધીનગર વતી

સહી/-
(પી.કે.ગઢવી)
નિયામક નગરપાલિકાઓ ,
ગુજરાત રાજ્ય ગાંધીનગર